# <u>જાહેર નિવિદા</u>

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત વડોદરા જીલ્લામાં નીચે જણાવેલ કેડરોની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર ધોરણે ભરવા જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧.૧૧.૨૦૨૫ થી ૧૦.૧૧.૨૦૨૫ સુધીમાં આરોગ્યસાથી સોફટવેરની લીંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

સદર કેડર માટેની જરૂરી શૈક્ષણિક લાયકાત,ઉમર અંગેની સ્પષ્ટતા તથા ઉચ્ચક માસિક વેતન અને અનુભવ દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યા | પગાર ધોરણ | શૈક્ષણીક લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | કોલ્ડ ચેઈન વેકસીન લોજીસ્ટીક આસીસ્ટન્ટ | ૧ - જગ્યા | શ્રમ રોજગાર ના તા.૨૭-૦૩-૨૩ ના પત્ર મુજબ લઘુતમ વેતન | ધોરણ 10 પાસ હોવું જોઈએ અને રેફ્રીજેટર- એર કંડિનશનરનો કોર્ષ સરકાર માન્ય આઇ.ટી.આઇમાંથી કરેલ હોવો જોઈએ/ મેન્ટેનન્સ ઓફ રેફ્રીજેટર - એર કન્ડિશનર નો 2(બે) વર્ષનો અનુભવ હોવો જોઈએ. કોમ્પ્યુટર નું સંપુર્ણ જ્ઞાન ધરાવતા હોવું જોઈએ. વયમર્યાદા - મહતમ 40 વર્ષ સુધી |
| ૨ | આર.બી.એસ.કે આયુષ | ૩-જગ્યા (૧-ફિમેલ અને ૨ મેલ ) | માસિક રૂ.૩૧૦૦૦/- | HSC(SCIENCE) પાસ હોવું જરૂરી,સરકાર માન્ય યુર્નિવસિટીમાંથી BAMS BSAM/BHMS ડિગ્રી હોવી જોઈએ આર્યુવેદીક/હોમીયોપેથીક કાઉન્સીલ રજીસ્ટ્રેશન હોવુ જોઈએ. સ્તાનક પરીક્ષા પાસ કર્યા સબબ અટેમ્પ્ટ સર્ટિફિકેટ, ઇન્ટર્નશીપ કંપ્લિશન, ડિગ્રી સર્ટિફિકેટ તેમજ સરકાર માન્ય CCC અથવા કોમ્પ્યુટર બેઝિક કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ વયમર્યાદા – 40 વર્ષ સુધી |
| ૩ | ફાર્માસિસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટ (આરબીએસકે) | ૧૨ - જગ્યા | માસિક રૂ.૧૬૦૦૦/- | માન્ય.યુનિવર્સિટીમાથી બેચરલ/ડિપ્લોમા ઇન ફાર્મસી ડિગ્રી મેળવેલ હોવી જોઈએ. ફાર્મસી કાઉન્સીલનું રજીસ્ટ્રેશન હોવું જોઈએ ઉમેદવારને ગુજરાતી,હિન્દી અને અંગ્રેજી ભાષાનું અને કોમ્પ્યુટર નું સંપુર્ણ જ્ઞાન ધરાવતા હોવું જોઈએ.વયમર્યાદા - મહતમ 40 વર્ષ સુધી |
| ૪ | એ.એન.એમ (આરબીએસકે) | ૩- જગ્યા | માસિક રૂ.૧૫૦૦૦/- | સરકાર માન્ય એ.એન.એમ / એફ.એચ.ડબલ્યુ બેઝીક કોર્ષ કરેલ હોવો જોઈએ અથવા સરકાર માન્ય નર્સ કોર્ષ (એ.એન.એમ)પાસ કરેલ હોવુ જોઈએ. ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવુ જોઈએ.કોમ્પ્યુટર કોર્સ સીસીસી (સમકક્ષ)નું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. વયમર્યાદા – મહતમ 40 વર્ષ સુધી |
| ૫ | ઇમ્યુંનાઈઝેશન ફિલ્ડ વોલન્ટીયર (IFV) | ૧-જગ્યા | પ્રતિ વીજિટ રૂ.૯૦૦/- મહતમ રૂ. ૧૮૦૦૦/- માસિક | માન્ય. યુનિવર્સિટી બેચરલ/માસ્ટર ઓફ સોશિયલ વર્ક, અથવા બેચરલ /માસ્ટર ઓફ રૂરલ મેનેજમેંટ, મોનિટરીગ પ્લસ પોલિયો/ ઇમ્મ્યુનાઇઝેશન ફિલ્ડનો 1(એક)વર્ષનો અનુભવ ધરાવતા હોવો જોઈએ.,ઉમેદવારને ગુજરાતી. હિન્દી અને અંગ્રેજી ભાષાનું અને કોમ્પ્યુટર નું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હોવું જોઈએપોતાનું વ્હીકલ સાથે લાઇસન્સ હોવું જોઈએ. વયમર્યાદા - મહતમ 40 વર્ષ સુધી |
| ૬ | ન્યુટ્રિશન આસિસ્ટન્ટ – સ્ત્રી ઉમેદવાર | ૨ જગ્યા - ગતિશીલ ૧જગ્યા- NHM | માસિક રૂ.૧૩૦૦૦/- (ગતિશીલ સીએમટીસી ) માસિક રૂ.૧૬૦૦૦/- (NHM CMTC/NRC) | માન્ય યુનિર્વસિટીમાંથી એમ.એસ.સી ફુડ એન્ડ ન્યુટ્રીશ્યન/બી.એસ.સી ફુડ એન્ડ ન્યુટ્રીશ્યન/ માસ્ટર ઈન હોમ સાયન્સ (ન્યુટ્રીશ્યન) /બેચરલ ઈન હોમ સાયન્સ(ન્યુટ્રીશ્યન)ની ડિગ્રી મેળવેલ હોવી જોઈએઉમેદવારને ગુજરાતી,હીન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન તેમજ કોમ્યુટરનુ સંપુર્ણ જ્ઞાન હોવુ જોઈએ.ન્યુટ્રીશ્યન પ્રોગ્રામને લગત અથવા એન.જી.ઓમાં કામગીરીનો અનુભવ હોવો જોઈએ.ઉમર – મહતમ ૪૦ વર્ષ સુધી |
| ૭ | સ્ટાફનર્સ | ૧૮- જગ્યા (૨૪*૭ PHC) | માસિક રૂ.૨૦,૦૦૦/- | બી.એસ.સી નર્સિંગ અથવા માન્યતા પ્રાપ્ત સંસ્થા દ્વારા ડિપ્લોમા ઇન જનરલ મિડવાઇફરી કરેલ કોર્ષ ગુજરાત કાઉન્સીલ રજીસ્ટ્રેશન ફરજીયાત, બેજીક કમ્પ્યુટર કોર્ષ , ઉમર- ૧૮ વર્ષ થી ઓછી નહીં અને ૪૦ વર્ષ થી વધુ ન હોવી (૨૪*૭ પીએચસી ) |
| | | ૧૨-જગ્યા (AAMPHC /CMTC/NRC,CHC-NCD,UPHC) | | બી.એસ.સી નર્સિંગ અથવા માન્યતા પ્રાપ્ત સંસ્થા દ્વારા ડિપ્લોમા ઇન જનરલ મિડવાઇફરી કરેલ કોર્ષ. ગુજરાત કાઉન્સીલ રજીસ્ટ્રેશન ફરજીયાત.બેજીક કમ્પ્યુટર કોર્ષ તથા ૨ વર્ષ હોસ્પિટલનો અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે ઉમર- ૧૮ વર્ષ થી ઓછી નહીં અને ૪૦ વર્ષ થી વધુ ન હોવી જોઇએ(આયુષ્માન આરોગ્ય મંદિર અને સીએમટીસી/ એનઆરસી ) |
| ૮ | તાલુકા એકાઉન્ટન્ટ | ૧- જગ્યા | માસિક રૂ.૨૦,૦૦૦/- | માન્ય યુનિર્વસિટીમાંથી કોમર્શમાં સ્નાતક થયેલ હોવું જોઈએ, ડિપ્લોમા/સર્ટિફિકેટ ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન, કોમ્પ્યુટર નું સંપુર્ણ જ્ઞાન (એકાઉન્ટિંગ સૉફ્ટવેર, ટેલિ), ઓફિસ મેનેજમેંટ અને ગુજરાતી – અગ્રેજી ટાઈપિંગની સ્કિલ ધરાવતું હોવું જોઈએ. ૨ થી ૩ વર્ષનો અનુભવ હોવો જોઈએ. ઉમર- ૪૦ વર્ષ થી વધુ ન હોવી જોઇએ |
| ૯ | એમ.પી.એચ. ડબલ્યુ (અર્બન આયુષ્માન આરોગ્ય મંદિર) | ૨- જગ્યા | માસિક રૂ.૧૫,૦૦૦/- | ધોરણ -૧૨ પછી એક વર્ષનો એમ.પી.એચ.ડબલ્યુનો બેઝીક કોર્સ અથવા માન્ય સંસ્થામાંથી સેનેટરી ઇન્સ્પેકટર સર્ટીફીકેટ કોર્સ ધરાવતા હોવા જોઈએ બેઝીક કોમ્યુટર કોર્ષ સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ. રાજ્ય સરકાર ધ્વારા માન્યતા આપેલ હોય તેવી સંસ્થાના ઉમેદવારની જ અરજી માન્ય ગણાશે..ઉમેદવારની અરજીની તારીખ થી ૪૫ વર્ષથી વધુ નહિ . |
| ૧૦ | આયુષ તબીબ | ૧ – જગ્યા | માસિક રૂ.૩૧૦૦૦/- | HSC(SCIENCE) પાસ હોવું જરૂરી,સરકાર માન્ય યુર્નિવસિટીમાંથી BAMS BSAM/BHMS ડિગ્રી હોવી જોઈએ આર્યુવેદીક/ હોમીયોપેથીક કાઉન્સીલ રજીસ્ટ્રેશન હોવુ જોઈએ. સ્તાનક પરીક્ષા પાસ કર્યા સબબ અટેમ્પ્ટ સર્ટિફિકેટ ઇન્ટર્નશીપ કંપ્લિશન , ડિગ્રી સર્ટિફિકેટ તેમજ સરકાર માન્ય CCC અથવા કોમ્પ્યુટર બેઝિક કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ વયમર્યાદા – 40 વર્ષ સુધી |
| ૧૧ | ઓડિયોમેટ્રિક આસિસ્ટન્ટ | ૧ – જગ્યા | માસિક રૂ.૧૫૦૦૦/- | ૧ વર્ષ નો ડિંપ્લોમા હિયરિંગ લેન્ગ્વેજ અને સ્પીચ, RCI માન્ય સંસ્થામાથી કરેલ હોવો જોઈએ, વયમર્યાદા – 40 વર્ષ સુધી |
| ૧૨ | કૉમ્યુનિટી હેલ્થ ઓફિસર – CHO | ૨૯ – જગ્યા | માસિક રૂ.૩૦૦૦૦/- તથા રૂ.૧૦૦૦૦/- (પરફોમન્સ ઇન્સેંટિવ | ૧) B.A.M.S/GNM/B.Sc. નર્સિંગની સાથે SIHFW,વડોદરા દ્વારા બોન્ડેડ સરકાર માન્ય સંસ્થામાં સર્ટીફિકેટ કોર્સ ઇન કૉમ્યુનિટી હેલ્થ (બ્રિજ કોર્સ) / CCCH કરેલ (આ ઉમેદવારોને ભરતીમાં પ્રાથમિકતા આપવામાં આવશે.) "અથવા"<br>૨) CCCH નો કોર્ષ B.Sc. નર્સિંગ તથા પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગના કોર્ષમાં જુલાઇ-૨૦૨૦ થી સામેલ કરેલ હોય તેવી સંસ્થાઓ ખાતેથી જુલાઇ-૨૦૨૦ કે ત્યારબાદ પાસ થયા હોય તેવા B.Sc. નર્સિંગના ઉમેદવારો અરજી કરી શકશે. સરકાર માન્ય CCC અથવા કોમ્પ્યુટર બેઝિક કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ.<br>૩.વય મર્યાદા ૪૦ વર્ષ કે તેથી વધુ નહીં. |

<u>ઓનલાઈન ફ્રોર્મ ભરવા અંગેની જરૂરી સુચનાઓ :</u>

- ઉમેદવારની ફકત ઓનલાઈન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી, સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ દ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહી.
- સુવાચ્ય ઓરીજનલ ડોકયુમેન્ટની ફ્રોટોકોપી સોફટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.
- અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.
- ઉમેદવાર એક કરતાં વધારે અરજી કરી શકશે નહી.
- અ.નં ૨,૩,૪,૭,૧૦,૧૨ ની કેડરમાં અરજી કરતા ઉમેદવારોએ લગત કાઉન્સિલ રજીસ્ટ્રેશન રિન્યુયલ કરાવેલ હોય પરંતુ સર્ટિફિકેટ ન હોય તેવા કિસ્સામાં રિન્યુયલ પહોંચ/સ્લીપ સાથે પીડીએફ ફાઇલ બનાવી અપલોડ કરવાની રેહશે
- અ.નં. 8 ના ઉમેદવારે કોમ્પ્યુટર ની પ્રેક્ટિકલ પરીક્ષા લેવામાં આવશે.
- વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ વય મર્યાદાની ગણતરી કરવામાં આવશે.એટલે કે તમામ ઉમેદવારોનાં કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી <u>તા.૧૦.૧૧.૨૦૨૫</u>ની સ્થિતિએ ધ્યાને લેવામાં આવશે.
- ભરતીની પ્રક્રિયા સરકારશ્રી ની ગાઈડ લાઇન મુજબ મેરીટ પ્રમાણે કરવામાં આવશે.
- નિમંણુકને લગત આખરી નિર્ણય મીશન ડાયરેકટરશ્રી,ડિસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી વ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીની રહેશે.

SD

મિશન ડાયરેક્ટર ડિસ્ટ્રિક્ટ હેલ્થ સોસાયટી

-વ-

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી

જિલ્લા પંચાયત, વડોદરા